## મોડાસાથી ટીંટોઇને જોડતી રેલવે લાઇન મૂળ જગ્યાએ ખસેડવા આવેદન



મોડાસા, તા. ૨૬
મોડાસાથી જોડતી ટીંટોઇ રેલવે લાઇનને મૂળ જગ્યાએ ખસેડવા અસરગ્રસ્ત ખેડૂતોએ ગુરુવારના દિવસે કલેકટર એમ. નાગરાજનને આવેદનપત્ર પાઠવી સરકાર સુધી વાત પહોંચાડવા વિનંતી કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે રેલલાઇન જ્યાથી પસાર કરવાની દરખાસ્ત છે. જમીનોના અસરગ્રસ્ત થનાર ખેડૂતોને યોગ્ય વળતર મેળવવાનો અધિકાર અને જમીન સંપાદનમાં પારદર્શકતા અને પુનઃવસવાટ માટે જાહેર થયેલ જાહેરનામાની જાણ ન હોય તેવા અસરગ્રસ્ત ખેડૂતો અરવલ્લી કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

## સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં કમોસમી વર્ષા

અમદાવાદ,તા.૨૬
સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં આજે તોફાની પવન સાથે કમોસમી વરસાદના લીધે ખેડૂત સમુદાયમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. અનેક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થયા હતા. નિચાણવાળા વિસ્તારોમાં પાણી પણ ભરાઈ ગયા હતા. સૌથી વધારે ખેડૂત સમુદાયમાં જોવા મળી હતી. કારણ કે, મગફળીના તૈયાર થયેલા પાકને નુકસાન થવાનો ખતરો રહેલો છે. કપાસનો પાક પણ હાલ લેવાઈ રહ્યો છે. આવી સ્થિતિમાં કમોસમી વરસાદથી પાકને નુકસાન થવાના ખતરાથી ખેડૂત સમુદાયમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. આજે બપોરબાદ અમરેલી શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કમોસમી વરસાદની શરૂઆત થઇ હતી. ગીર સોમનાથના વિસ્તારમાં પણ વરસાદ થયો છે. વૃક્ષો ધરાશાયી થવાના શ્રેણીબદ્ધ બનાવો બન્યા છે. તળાળામાં કરા પડતા ભારે ઉત્તેજના પણ ફેલાઈ ગઈ હતી. અમરેલીથી પ્રાપ્ત અહેવાલ મુજબ શહેર અને ગ્રામ્ય પંથકમાં આજે બપોર બાદ વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતો. આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયું હતું અને જોરદાર પવન સાથે વરસાદ વરસવા લાગ્યો હતો. એક તરફ અસહ્ય ગરમીમાં લોકો અકળાઇ રહ્યા છે. ત્યારે વરસાદી ઝાપટાથી ઠંડક પ્રસરી હતી. બીજી તરફ ખેડૂતોએ લીધેલા મગફળીના પાક પર પાણી ફરી વળતા ખેડૂતો મુંઝવણમાં મુકાયા છે. તેમજ તાલાલા સહિત ગીરના ગ્રામ્ય વિસ્તારોમાં તોફાની પવન સાથે વરસાદ પડતા રસ્તાઓ પર વૃક્ષો ધરાશાયી થયા છે. આ સિવાય તાલાલામાં કરા સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. તેમજ અનેક જગ્યાએ ભારે વરસાદથી વૃક્ષો ધરાશાયી થયા હતા. અમરેલીના ઈશ્વરિયા ગામે ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. અમરેલી શહેરમાં પણ પવન સાથે વરસાદી છાંટા પડ્યા હતા. તેમજ ધારી ગીરના ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદ પડ્યો હતો. મોટા લીલીયાના એકલેરા ગામે તેમજ આસપાસ ગ્રામ્યવિસ્તારમા પણ વરસાદી ઝાપટા વરસ્યા હતા. માવઠાથી જગતનો તાત મુશ્કેલીમાં મુકાયો છે.

હાલ મગફળીનો પાક પાકીને તૈયાર થઈ ગયો છે તેમજ કપાસનો પાક પણ હાલ લેવાઈ રહ્યો છે. ત્યારે વરસાદથી ખેડૂતોને મોટુ નુકસાન થાય તેવી શક્યતાઓ છે. હવામાન વિભાગના કહેવા મુજબ રાજ્યના જુદા જુદા વિસ્તારમાં હવે ધીમીગતિએ ઠંડીની શરૂઆત થઈ રહી છે. આજે અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન ૨૦.૭ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૬.૯ ડિગ્રી નોંધાયું હતું. શહેરમાં વહેલી સવારે અને મોડી રાત્રે હવે લોકોને ફુલગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. આગામી દિવસોમાં લોકો ગરમ વસ્ત્રોમાં જોવા મળશે.

## બાયડના જુમાત્રાલ ગામની પ્રાથમીક શાળામાંથી એકતા યાત્રાનું પ્રસ્થાન

બાયડ, તા. ૨૬
બાયડ તાલુકામાં એકતા યાત્રાનો પ્રારંભ જૂમાત્રાલ ગામની પ્રાથમિક શાળાથી ગુજરાત સરકારના રાજ્યકક્ષાના વન અને આદિજાતિ મંત્રી અને અરવલ્લી તેમજ ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી રમણભાઈ પાટકારના અધ્યક્ષતામાં એકતા યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું, બાયડના વિસ્તારના નવ જેટલા ગામમાં ફરશે. આ યાત્રામાં જિલ્લાના ડીએસપી મયુર પાટીલ જિલ્લા વિકાસ અધિકારી હર્ષિત ગોસાવી બાયડ પ્રાંત અધિકારી તેમજ યાત્રાના ઈન્ચાર્જ અને જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ એસ. એમ. ખાંટ, અરવલ્લી જિલ્લા ભાજપ કાર્યાલય મંત્રી દિપક પટેલ, મહિલા મોરચાના જલ્પાબેન ભાવસાર, મીનાબેન, બાયડના અદેસિંહ, સ્નેહલ પટેલ, મયુર પટેલ, મહેશ પટેલ, જિલ્લા ભાજપ મંત્રી ધીમત પટેલ, સાબરડેરીના પૂર્વ ડિરેકટર શામલભાઈ, સુભાષભાઈ વિગેરે કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં આજે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ




પ્રસંગે મંત્રી રમણભાઈ પાટકરે પત્રકારોના સવાલમાં જણાવ્યું હતું કે સ્ટેચ્યૂ ઓફ યુનિટીના મહાપર્વ દરમ્યાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી કે ગુજરાત સરકારનો આદિવાસીનો કોઈ વિરોધ નથી તેમજ બાયડના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાના ભાજપમાં ત્રણ મહિનાના સમય દરમ્યાન આપેલા રાજીનામાં અંગે કોઈજ ફરક પાર્ટીમાં કે સરકારમાં નહીં પડે તેમ જણાવ્યું હતું. આવું તો ચાલતું રહે કોઈ ભાજપમાં આવે કોઈ કોંગેસમાં જાય હવે સામાન્ય થઈ ગયું છે. આ યાત્રામાં વલસાડના મહેશભાઈ ભટ્ટ ખાસ જોડાયા હતા અને તેઓ મૂળ મોડાસા તાલુકાના વતની છે. છેલ્લા ત્રીસ વર્ષથી વલસાડમાં મંત્રી સાથેના અને ભાજપનું કામ કરે છે.

## મહેસાણા જિલ્લામાં ત્રણ જિલ્લાનો સંયુક્ત કલસ્ટર કક્ષાનો મેગા જોબફેર યોજાયો

### મેગા જોબફેરમાં ૩૦૦૦ રોજગાર વાંચ્છુઓનું ઓનલાઇન રજિસ્ટ્રેશન




મહેસાણા, તા. ૨૬
મહેસાણા મર્ચન્ટ એજ્યુકેશન કેમ્પસ બાસણા ખાતે જિલ્લા રોજગાર વિનમિય કચેરી મહેસાણા, બનાસકાંઠા અને પાટણના સંયુક્ત ઉપક્રમે ક્લસ્ટર મેગા જોબફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેગાજોબ ફેર માટે સંવર્ગોની ૫૩૨૫ જેટલી જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયાનું આયોજન કરાયું હતું.

ત્રણ જિલ્લાના આયોજીત મેગા જોબફેરમાં સેલ્સ એકઝીક્યુટીવ, ઓપેરેટર, એડવાઈઝર, હેલ્પર, કેમીસ્ટ, રિલેનશીપ મેનેજર સહિતની વિવિધ જગ્યાઓ માટે ભરતી યોજાઈ હતી. મહેસાણા જિલ્લામાં રોજગાર કચરી દ્વારા ૨૦૧૭-૧૮માં ૮૭૫૧ ઉમેદવારોએ અને ૨૦૧૮-૧૯માં ૨૬ સપ્ટેમ્બર સુધીમાં ૪૨૭૭ ઉમેદવારોને રોજગારી પ્રાપ્ત થઈ છે.

મહેસાણા જિલ્લા ખાતે આયોજીત મેગા જોબફેરમાં ઉપસ્થિત જિલ્લા કલેકટર એચ.કે. પટેલે જણાવ્યું હતું કે રોજગારવાંચ્છુ ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે સરકાર દ્વારા સરહાનીય કામ થઈ રહ્યું છે. નોકરીદાતા અને રોજગાર વાંચ્છુઓને એક પ્લેટફોર્મ પર લાવી યોજાયેલ ભરતી મેળાઓને સફળતા મળી રહી છે.

## અરવલ્લી જીલ્લામાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ



મોડાસા, તા. ૨૬
અરવલ્લી જીલ્લામાં દિવાળી પર્વને અનુલક્ષીને મોડાસા શહેર અને અરવલ્લી જીલ્લામાં શાંતિપૂર્ણ માહોલ અને ભાઈચારાના વચ્ચે ઉજવણી થાય અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનું ઉલ્લઘન ન થાય તે માટે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં જીલ્લા પોલીસ અધિક્ષક મયુર પાટીલની અધ્યક્ષતામાં જીલ્લા એલસીબી પી.આઈ. નાગજી રબારી અને ટાઉન પીઆઇ. દેસાઈની ઉપસ્થિતિમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં નાન્હાલાલ પ્રજાપતિ સહીત હિન્દુ અગ્રણીઓ અને લઘુમતી સમાજના અગ્રણી અખ્તર ચિસ્તી, રઝાકભાઈ ટીંટોઇયા, રાજબાબુ, ઈકબાલ ચિસ્તી, નગરપાલિકા પૂર્વ કોર્પોરટર બેલીમ અને મહિલા અગ્રણીઓ ઉપસ્થિત રહી હતી.

## મહેસાણા જિલ્લામાં સાંસદના અધ્યક્ષસ્થાને દિશાની બેઠક

મહેસાણા, તા. ૨૬
મહેસાણા જિલ્લા સાંસદ જયશ્રીબહેન પટેલના અધ્યક્ષસ્થાને દિશા ડિસ્ટ્રીક ડેવલપમેન્ટ કો.ઓર્ડિનેશન અને મોનીટરીંગ તારીખ ૧ નવેમ્બર ૨૦૧૮ના રોજ સરકીટ હાઉસ ખાતે ૧૫-૦૦ કલાકે યોજાનાર છે. જિલ્લાની વિવિધ જુદી જુદી ૨૮ ગરીબલક્ષી અગત્યની યોજનાઓની સમીક્ષા થનાર છે. તેમ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## સરદાર સાહેબને કારણે જ અખંડ ભારતનું નિર્માણ શક્ય બન્યું : નીતિનભાઈ

મહેસાણા, તા. ૨૬
નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, આગામી સમયમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ભારત દેશની નવી ઓળખ બની રહેશે. સરદાર પટેલ એટલે લોખંડી મનોબળ ધરાવતું એક સંવેદશીલ વ્યક્તિત્વ હતા જેઓએ અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થયેલ ભારતના ૫૬૨ જેટલા રજવાડાઓનું એકત્રિકરણ કરીને વેર-વિખેર થતા ભારતને એક ભારત શ્રેષ્ઠ ભારત બનાવ્યું હતું. સરદાર સાહેબના એકતા અને અખંડિતતાના મંત્રને ચરિતાર્થ કરવા માટે રાજ્યભરમાં યોજાઇ રહેલ એકતા યાત્રા અંતર્ગત મહેસાણા જિલ્લાના વિવિધ ગામો અને શહેરોમાં એકતા રથયાત્રા પરિભ્રમણ કરી રહી છે. જેના ભાગરૂપ આજે નાયબ મુખ્યમંત્રી નિતીનભાઇ પટેલે મહેસાણા તાલુકાના વિવિધ ગામોમાં એકતા રથ યાત્રામાં ઉપસ્થિત રહી લોકોને પ્રોત્સાહિત કર્યા હતા. નાયબ મુખ્યમંત્રી, દેલા, ઉચરપી, મેઘા



આલિયાસણા, લાખવડ, કુકસ, દેવરાસણ, પુનાસણ અને ખરેવા ગામે ઉપસ્થિત રહ્યા હતા. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, અખંડ ભારતના શિલ્પી અને એક્તાના પ્રહરી એવા "સરદાર પટેલ" સંદેશને માત્ર રાજયની નહી પરંતુ સમગ્ર રાષ્ટ્રની ઐતિહાસિક ધરોહર તરીકે પ્રસ્થાપિત કરવાના પ્રયાસરૂપે તેમની ૧૮૨ મીટર ઉંચી વિશાળ "સ્ટેચ્યુ ઓફ ઓફ યુનિટી"નું નિર્માણ કરાયું છે. ૩૧ ઓક્ટોબરના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સમગ્ર વિશ્વમાં સૌથી ઉંચી સરદાર સાહેબની પ્રતિમા આપણા ગુજરાત સહિત દેશને અર્પણ કરવાના છે જેમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું હતું.

### તપાસ પૂર્ણ કરે

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિર્ણયો સીલબંધ કવરમાં રજૂ કરવામાં આવે તેમ પણ કહેવામાં આવ્યું છે. આ મામલાની આગામી સુનાવણી ૧૨મી નવેમ્બરના દિવસે હાથ ધરવામાં આવશે. સીબીઆઈમાં આંતરિક વિવાદ સપાટી ઉપર આવતા હાલમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. આ મામલાની સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટની ચીફ જસ્ટિસની બેંચે પોતાનો ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, સીવીસી આ મામલાની તપાસ બે સપ્તાહમાં પરિપૂર્ણ કરે તે જરૂરી છે. સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ એકે પટનાયકની દેખરેખ હેઠળ સીવીસી પોતાની તપાસ કરશે. કેન્દ્ર સરકારને પણ નોટિસ જારી કરવામાં આવશે. સીબીઆઈના નિર્દેશક આલોક વર્મા તરફથી વરિષ્ઠ વકીલ ફલી એસ નરિમને દલીલો કરી હતી. સુપ્રીમ કોર્ટના નરિમને દલીલો કરતા કહ્યું હતું કે, સીવીસી દ્વારા સીબીઆઈના નિર્દેશકને તેમના અધિકારોથી વંચિત કરીને આદેશ જારી કર્યા છે. કેન્દ્ર સરકારે એજ દિવસે સીબીઆઈ ચીફની જવાબદારી અન્ય અધિકારીને આપી દીધી છે.

સુપ્રીમ કોર્ટની બેંચે કેન્દ્ર સરકારને કહ્યું હતું કે, તેમને લાગે છે કે, સીવીસીને આલોક વર્માની સામે ૧૦ દિવસમાં તપાસ પૂર્ણ કરવી જોઈએ. સીવીસી તરફથી ઉપસ્થિત થયેલા સોલીસીટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, તપાસ ૧૦ દિવસમાં પૂર્ણ થઇ શકે તેમ નથી. સુપ્રીમ કોર્ટે ભારપૂર્વક કહ્યું હતું કે, સમયમાં પૂર્ણ થવી જોઈએ અને આ મામલાને લટકાવવો જોઈએ નહીં. તુષાર મહેતાએ ત્રણ સપ્તાહનો સમય માંગ્યો છે. મોડેથી સુપ્રીમ કોર્ટે તપાસ પૂર્ણ કરવા માટે બે સપ્તાહનો સમય આપ્યો હતો. હાલમાં સીબીઆઈની અંદર નંબર-૧ અને નંબર-૨ની લડાઈની વચ્ચે કેન્દ્ર સરકારે અતિ કઠોર વલણ અપનાવીને આખરે રાતોરાત જ તપાસ ટીમ બદલી નાંખતા ખળભળાટ મચી ગયો હતો. મંગળવારે મોડી રાતથી લઈને દિવસ દરમિયાન જોરદાર ઘટનાક્રમનો દોર જારી રહ્યો હતો. સીબીઆઈના ઈતિહાસમાં અગાઉ ક્યારેય ન બન્યા હોય તેવા ઘટનાક્રમ જોવા મળ્યા હતા.

### દૂધનું દૂધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યું હતું કે, આમા વિવાદો રહેલા છે. એક જ કેસમાં એજન્સીના નિર્દેશકના મત અને ખાસ નિર્દેશકના જુદા મત છે. જ્યારે તપાસ કરનાર સંસ્થા ઉપર જ આક્ષેપ થાય છે ત્યારે તેમાં તપાસ ઉપયોગી થઈ જાય છે. સીવીસીની સામે સીબીઆઈ એકાઉન્ટેબલ છે. આના ઉપર સીવીસીએ ચુકાદો આપ્યો હતો કે, અધિકારીઓને રજા ઉપર મોકલી દેવા જોઈએ જેને કેન્દ્ર સરકારે સ્વીકારી લીધો છે. પારદર્શિતા જાળવવા માટે આ નિર્ણય ખુબ મહત્વપૂર્ણ હતો. સુપ્રીમ કોર્ટે જે મોટી ચીજો જોડી છે તે ખુબ ઉપયોગી છે. સુપ્રીમ કોર્ટે બે સપ્તાહમાં તપાસ પૂર્ણ કરવાનું કહેવા અને નિવૃત્ત જસ્ટિસની દેખરેખમાં આદેશ ખુબ મહત્વપૂર્ણ છે. આનાથી તપાસને મજબૂતી મળશે. જેટલીએ એમ પણ કહ્યું હતું કે, અમારી સરકાર પ્રોફેશનાલિઝમ અને બંધારણીય અખંડતાને જાળવી રાખવા માટે કામ કરી રહી છે. સીવીસી તપાસમાં તમામ વિગત સપાટી ઉપર આવી જશે. દેશમાં આ પ્રકારની બાબતોને ચલાવી લેવાય નહીં. ભ્રષ્ટાચારમાં તપાસ કરનાર બે અધિકારી ઉપર આંગળી ઉઠે તે યોગ્ય નથી.

### રાહુલ ગાંધી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસના કાર્યકરોએ દિલ્હી સીબીઆઈ હેડક્વાર્ટર સહિત દેશભરની સીબીઆઈ કચેરીઓનો ઘેરાવ કરીને મોદી સરકારની નીતિઓ વિરુદ્ધ અનોખો વિરોધ વ્યક્ત કર્યો છે. સીબીઆઈના ડાયરેક્ટર આલોક વર્માને રાતોરાત રજા પર ઉતારી દેવાની ફરજ પાડવામાં આવતા કોંગ્રેસે દેશની સીબીઆઈ કચેરીઓ પર હલ્લાબોલ કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં દિલ્હીમાં સીબીઆઈ હેડક્વાર્ટરને ઘેરવા કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સહિતના કાર્યકરો હાજર રહ્યા હતા.રાહુલ ગાંધીએ વડાપ્રધાન પર વાકપ્રહારો કરતા જણાવ્યું કે, પીએમે સીબીઆઈ, ઈડી અને ચૂંટણી પંચ સહિતની સંસ્થાઓનો વિનાશ નોતર્યો છે. રાહુલ ગાંધી ઉપરાંત વરિષ્ઠ નેતા અશોક ગેહલોત, મોતિલાલ વોરા, વિરપ્પા મોઈલી અને આનંદ શર્મા પણ સીબીઆઈ હેડક્વાર્ટરનો ઘેરાવ કરવાના કાર્યક્રમમાં જોડાયા હતા.

### સઘન સર્વેલન્સ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઝિકા વાયરસને લઈ તંત્ર દ્વારા અગાઉ રાજસ્થાન સાથે સંબંધ ધરાવતા પરિવારોને ધ્યાને લઈ સર્વેલન્સની કામગીરી કરવામાં આવી હતી. જોકે શહેરમાં કોઈ શંકાસ્પદ કેસ મળ્યો નથી તેમ તંત્રના સૂત્રોએ આજે પણ દાવો કર્યો છે.

ગાંધીનગર શહેરમાં હાથ ધરાયેલ આ સર્વેલન્સને પગલે વાહકજન્ય ડેન્ગ્યુનો પ્રસાર જે થઈ રહ્યો છે તે નાથી શકાશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ હતુ.

શહેરમાં ડેન્ગ્યુના કેસોની સંખ્યા ૧૨૯ પર પહોંચી છે. આ સ્થિતિ લગભગ ૨૦૧૬ની સ્થિતિ જેવી જ સ્થિતિ દર્શાવે છે. જો કે આ વખતે નોંધાઈ રહેલા તમામ કેસો એન.એસ.૧ પ્રકારના હોવાનું પણ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. બીજુ પ્રાથમિક ચકાસણીના તબક્કામાં જ દર્દીઓ ડિટેક્ટ થઈ રહ્યા હોવાથી તમામનો સમયસર અને સચોટ ઈલાજ કરવામાં આવી રહ્યો છે.

તંત્ર દ્વારા એન્ટી લારવેલ અને ફોગીંગની કામગીરી પણ સઘન બનાવવામાં આવી છે.

### સ્થળ મુલાકાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના સેકટરોમાં જુના આવાસો રહેણાંકને લાયક નથી. જયારે આવાસોમાંથી પોપડા ખરવા સહીત અનેક ફરિયાદો આમ નાગરિકો માટે શિરદર્દ સમાન બની છે. આ સ્થિતિ વચ્ચે કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનો જોખમી સ્થિતિમાં સેકટરના સરકારી આવાસોમાં વસવાટ કરતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. શહેરના સરકારી આવાસો પૈકી રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય હોય તેની સંખ્યા પણ નહીંવત છે. ત્યારે નવા આવાસો બાંધવાનુ કામ ઝડપથી હાથ ધરાય તેવી લાગણી પ્રબળ બની છે. સે-૬ માં જુના આવસો તોડવામાં આવ્યા બાદ નવા આવાસો બાંધવા માટે ગઈકાલે નાયબ મુખ્યમંત્રીએ જગ્યા પર નિરિક્ષણ કર્યુ હતુ. સ્થળ મુલાકાત દરમિયાન ઓછી જગ્યામાં વધુ આવાસ બાંધી શકાય તેવુ આયોજન કરવા માટે પણ તેમણે વિભાગના અધિકારીઓને સુચના આપી હતી.

## કલોલ ખાતે યોજાયેલ એપ્રેન્ટીસ ભરતી મેળામાં ૬૭૩ યુવાનોની એપ્રેન્ટીસ તરીકે પસંદગી કરાઈ

ગાંધીનગર, તા. ૨૬
આજના યુવા વર્ગને તેનામાં રહેલી સ્કીલ મુજબનું કામ મળશે તો તે અવશ્ય આગળ વધશે તેવું કલોલની કે.આઇ.આર.સી એજ્યુકેશન કેમ્પસ, અમદાવાદ-મહેસાણા હાઈવે ખાતે યોજાયેલ એપ્રેન્ટીસ ભરતી મેળાને ખુલ્લો મુકતાં ગાંધીનગર જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ જણાવ્યું હતું.

જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ વધુમાં જણાવ્યું હતું કે, યુવાનોને સ્કીલ અનુસારનું કામ મળશે તો તેના વિકાસ સાથે દેશના વિકાસમાં પણ મહત્વની ભૂમિકા અદા કરી શકશે. જેથી રાજય સરકાર દ્વારા દરેક યુવાનને તેની સ્કીલ અનુસાર કામ મળી રહે તેવા ઉમદા આશયથી રાજયમાં મુખ્ય મંત્રી એપ્રેન્ટીસ તાલીમ યોજનાને અમલી બનાવી છે. આ યોજના થકી આજે સ્કીલ ધરાવતા યુવાનો અને ઔધોગિક ગૃહો વચ્ચે સેતું રૂપ ભૂમિકા જિલ્લા વહીવટી તંત્ર અદા કરી રહ્યું છે. તેમણે યુવાનોને જે કંપનીમાં કામ કરવાની તક મળે ત્યાં પુરા ખતથી કામ કરવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. તેમજ ઔધોગિક વસાહતોને પણ કંપનીમાં આવનાર યુવાનોને યોગ્ય તાલીમ અને માર્ગદર્શન આપી યુવાનમાં પડેલી પ્રતિભાને બહાર લાવવા માટેની પણ અપીલ કરી હતી. જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયાએ જણાવ્યું હતું કે, સમગ્ર રાજયમાં આ યોજના થકી એક લાખ યુવાનોને એપ્રેન્ટીસ તાલીમ યોજના અંતર્ગત આવરી લેવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં ૪૮૦૦ યુવાનોને આ યોજનાનો લાભ આપવાનો લક્ષ્યાંક છે.

## સરદારનો જન્મદિન રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવાશે

અમદાવાદ,તા.૨૫
ગુજરાતના સપૂત સરદાર વલ્લભભાઈ પટેલની રાષ્ટ્રભાવના અને દૂરદર્શિતાથી સમગ્ર દેશ સાક્ષી છે. આઝાદી બાદ દેશની એકતા, અખંડિતતા અને સુરક્ષા માટે સરદાર પટેલે કૂનેહપૂર્વક કાર્ય કરી, રજવાડાને એક કરી અખંડ ભારતના આપણા સપનાને સાકાર કર્યું છે. સમગ્ર દેશ ગુજરાતના સપૂતના જન્મદિન ૩૧મી ઓક્ટોબરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવશે. ગુજરાત રાજ્યમાં પણ રાષ્ટ્રીય એકતા દિવસની ગૌરવભેર ઉજવણી કરવામાં આવશે તેમ ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે. મંત્રી જાડેજાએ ૩૧મી ઓક્ટોબર રાજ્યભરમાં થનારી રાષ્ટ્રીય એકતા દિનની ઉજવણી સંદર્ભે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની એકતા અખંડિતતા અને સુરક્ષાને સુદ્રઢ બનાવવાના સંકલ્પ સાથે દેશ ભરમાં સરદાર પટેલ જન્મ જંયતિને રાષ્ટ્રીય એકતા દિન તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. તદનુસાર મુખ્યમંત્રી વિજય રૂપાણીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં આ દિનની ગૌરવભેર ઉજવણી થશે. વિશ્વની સૌથી ઉંચી એવી સરદાર પટેલની પ્રતિમા-સ્ટેચ્યુ ઓફ યુનીટીનું વડાપ્રધાન રાષ્ટ્રાર્પણ કરશે. આ ઉપરાંત સમગ્ર રાજ્યમાં તમામ જિલ્લા મહાનગરો ઉપરાંત તમામ પોલીસ એકમો એટલ કે ૩૪ પોલીસ જિલ્લા, ચાર મહાનગરો અને ૧૮ એસઆરપી જૂથોના સહયોગથી રાજ્યભરમાં રન ફોર યુનિટી મેરથોન દોડનું આયોજન કરાયું છે. મેરેથોન દોડની શરૂઆત ઉપસ્થિત તમામ નાગરિકો રાષ્ટ્રીય એકતા અખંડિતતા અને સુરક્ષાને સુદ્રઢ કરવાના પોતાના યોગદાન માટે શપથ લઈ સંકલ્પબધ્ધ થશે. આ દિવસે સ્થાનિક પોલીસ સ્ટેશનો તરફથી જે તે વિસ્તારના શહિદોના પરિવાર અને શાળાઓની મુલાકાત લેવામાં આવશે અને શહિદોનું ગૌરવ વધે તે માટે શ્રધ્ધાંજલિ અર્પવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં ૨૧ ઓક્ટોબરે પોલીસ સંભારણા દિને નવી દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશભરના ૩૫ હજાર જેટલા શહિદ પોલીસ કર્મચારીઓની સ્મૃતિને પ્રદર્શિત કરતા મ્યુઝિયમ નેશનલ પોલીસ મેમોરિયલ રાષ્ટ્રને સમર્પિત કર્યું. જેના વિશે જાણકારી અને લોક ભારતી માટે પ્રયાસો કરાશે. રાજ્યભરમાં ૩૧મી ઓક્ટોબરે યોજાનારા રાષ્ટ્રીય એકતા દિને જિલ્લા - શહેરોમાં પોલીસ બેન્ડ ડિસ્પ્લે કાર્યક્રમો પણ યોજાશે. અલગ-અલગ પોલીસ એકમો તરફથી શાળા - કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા એકતા રેલી પણ યોજાશે. રાજ્ય સરકાર દ્વારા વિવિધ સ્વયંમસેવી સંસ્થાઓ - સંગઠનો - યુવા મંડળો - મહિલા મંડળોના સહયોગથી રાષ્ટ્રીય એકતા દિને અનેકવિધ કાર્યક્રમો યોજાશે.

## ઈમરન્જસીમાં ભુમિકા અદા કરનારા ડ્રાઈવરોનું બહુમાન

અમદાવાદ,તા. ૨૬
સામાન્ય રીતે અકસ્માત કે અચાનક આવતી ઈમરજન્સીમાં દર્દી કે નાગરિકોને હોસ્પિટલના દ્વાર સુધી સારવાર માટે પહોંચાડવામાં સૌથી મહત્વની અને સંકટમોચક તરીકેની ભૂમિકા એમ્બ્યુલન્સ ડ્રાઈવરોની હોય છે પરંતુ જાણે અજાણે એમ્બ્યુલન્સ ડ્રાઈવરોની આ અદ્ભુત સેવાને નજરઅંદાજ કે ઉપેક્ષિત થઈ રહી હતી ત્યારે શહેરના ચાંદખેડા વિસ્તારમાં આવેલી ઓરેન્જ નીઓનેટલ પીડિયાટ્રીક હોસ્પિટલ દ્વારા ઈમરજન્સીમાં સંકટમોચકની ભૂમિકા ભજવતાં રાજયના વિવિધ જિલ્લાઓના એમ્બ્યુલન્સ ડ્રાઈવરોનું સન્માન કરી તેઓને સાઈલન્ટ હીરો તરીકે બિરદાવવામાં આવ્યા હતા. અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, કડી, કલોલ, લીંબડી સહિતના જિલ્લાઓના ૫૬ જેટલા એમ્બ્યુલન્સ ડ્રાઈવરોનું ઓરેન્જ નીઓનેટલ પીડિયાટ્રીક હોસ્પિટલના ડો. સાગર પટેલ, ડો.તેજસ શાહ સહિતની ટીમ દ્વારા વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતુ અને તેમને ખાસ મેડલ પહેરાવવામાં આવ્યો હતો. એટલું જ નહી, ઓરેન્જ હોસ્પિટલ તરફથી આ તમામ એમ્બ્યુલન્સ ડ્રાઈવરોની પાંચ-પાંચ લાખ રૂપિયાની એકસીડેન્ટ પોલિસી ઉતારીને તેઓને અર્પણ કરવામાં આવી હતી.